# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-05-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## અમૃત ભારત સ્ટેશન-સામખિયાળી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત કરાયેલા રાજ્યના 18 રેલવે મથકોનું આવતીકાલે વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. આ યોજના હેઠળ 13.45 કરોડના ખર્ચે કચ્છના પ્રવેશદ્વાર સમાન સામખિયાળી રેલ્વે સ્ટેશનનું પણ વર્ચ્યુઅલી ઉદઘાટન કરાશે.. આ રેલવે સ્ટેશન પર દરરોજ 700 જેટલા મુસાફરોની અવર જવર રહે છે. આ સ્ટેશનમાં નવીનીકરણના ભાગરૂપે વિશાળ પાર્કિંગ સુવિધા, આકર્ષક પ્રવેશદ્વાર, આધુનિક શૌચાલય, દિવ્યાંગજનો માટે વિશેષ સુવિધા, ફૂડ પ્લાઝા અને સ્ટેશન પર કચ્છી મડવર્કથી સુશોભન તથા કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોની ઝાંખી સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------

## ભુજ-નલિયા ટ્રેન-:

ભુજ-નલિયા 101 કિલોમીટર રેલ્વે લાઈન પર ઈલેક્ટ્રીક તારનું કામ પૂર્ણ થઈ ગયું છે ત્યારે મુંબઈથી આવેલા રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા દ્વારા આજે રેલ્વે ટ્રેક, ઇલેક્ટ્રિફીકેશન અને ભુજ-નલિયા વચ્ચે આવતા વિવિધ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરવામાં આવ્યૂં હતું. ભુજથી નલિયા ટ્રાયલ માટે પેસેન્જર ટ્રેન દોડાવવામા આવી હતી. ત્રણ એન્જિન અને ત્રણ ડબ્બા સાથે ટ્રેન નલિયા ખાતે પહોંચી હતી. આ ટ્રેનમાં 20થી વધુ રેલવે અધિકારી અને કર્મચારીઓએ મુસાફરી કરી હતી. સંભવત: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગામી કચ્છની મુલાકાત વખતે નલિયા પેસેન્જર ટ્રેનની જાહેરાત થવાની શક્યતા છે.

---------------------------------------------------------------------------------------------------

## અંજારમાં તિરંગા યાત્રા -:

ભારતીય સેનાએ ‘ઓપરેશન સિંદૂર’ દ્વારા માં ભારતીને તથા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં 13 થી 23 મે સુધી રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રા યોજાઈ રહી છે. ગઇકાલે અંજાર ખાતે સેનાને બિરદાવવા માટે તિરંગા યાત્રા યોજાઇ હતી. ગંગા નાકા પાંજરાપોળ પાસેથી શરૂ થયેલી આ યાત્રા રાજમાર્ગો પર ફરી વળી હતી. વિવિધ સમાજો દ્વારા યાત્રા પર પુષ્પવૃષ્ટિ કરી તેમજ ઠંડા પીણાની સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી. તિરંગા યાત્રામાં મોટી સંખ્યામા લોકો જોડાયા હતા

---

## કમોસમી વરસાદ-:

રાજ્યમાં આજે અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ થયાના અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ, સવારે છ વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધીમાં કુલ 42 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો. તેમાં સૌથી વધુ બે ઈંચ વરસાદ ભરૂચના અંકલેશ્વરમાં વરસ્યો છે. કચ્છ જિલ્લામાં આજે કોઇપણ સ્થળે વરસાદ પડ્યાના અહેવાલ નથી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ પૂર્વ-મધ્ય અરબ સાગરમાં અપર એર સાઇક્લોનિક સર્ક્યૂલેશનની અસર હેઠળ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડશે તેની સાથે કચ્છમાં ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહેશે. આ દિવસોમાં વીજળીના કડાકા ભડાકા તેમજ તોફાની પવન સાથે છૂટા છવાયા સ્થળે વરસાદ વરસશે તેવું પૂર્વાનુમાન હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાયું છે.

---

## વરસાદ-આહિર પટ્ટીમાં ચિંતાનો માહોલ:

વરસાદની આગાહીનાં પગલે આહીરપટ્ટીમાં ચિંતાનો માહોલ ખડો થયો છે. એક તરફ આ પંથકમાં અંધારી તેરસ નિમિત્તે આહીર સમાજમાં ગામેગામ લગ્નોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે,

તો બીજીતરફ ખેતીવાડીમાં ઊભા મોલને વરસાદથી નુકસાન થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. વરસાદથી પ્રસંગોમાં મુશ્કેલી ઊભી ન થાય તે માટે આગોતરી તૈયારીઓ કરાઈ રહી છે.

---

## ગાંધીધામ તાલુકો-ટીબી સર્વે:

ગાંધીધામ તાલુકાને ટીબી મુક્ત બનાવવા માટે વણ શોધાયેલા ટીબીના દર્દીઓ શોધી તેમને જલ્દી સારવાર મળી રહે તે માટે આરોગ્ય વિભાગના 235 કર્મચારી દ્વારા ઘરે-ઘરે જઈને સર્વે શરૂ કરવામાં આવ્યો છે. આ અભિયાન 100 દિવસ સુધી ચાલશે. સર્વે દરમિયાન ટીબીના લક્ષણો દેખાશે, તો તુરંત આરોગ્ય વિભાગ દ્વારા તેમના ગળફાના નમૂના લેવામાં આવશે અને જરૂરી સારવાર પણ આપવામાં આવશે. આ અભિયાનમાં લોકો સાથે સહકાર આપે તેવી તાલુકા આરોગ્ય અધિકારી ડો. દિનેશ સૂતરિયા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

---

## નખત્રાણા-લખપત હાઈવે:

નખત્રાણા-લખપત હાઇવે પર મથલ ગુરુકુળ પાસે ચાર વાહનો વચ્ચે આજે અકસ્માત સર્જાયો હતો. સામસામેથી આવી રહેલા બે ટ્રેલર ટ્રક એકબીજા સાથે અથડાયા હતા. આ અકસ્માતમાં પાછળથી આવી રહેલી બે કાર પણ બને ટ્રેલરમાં ભટકાઇ હતી. અકસ્માતમાં બે વ્યક્તિઓને સામાન્ય ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતમાં કોઇ મોટી જાનહાની થઇ ન હતી.

---

## જખૌ પોલીસ-7 બિનવારસી પેકેટ:

જખૌ પોલીસ આજે પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન  પિગ્લેશ્વર લેન્ડિંગ પોઈન્ટથી પશ્ચિમ તરફ રાવળપીર મંદિર પાસેથી ચરસના 7 બિનવારસી પેકેટ મળ્યા છે. શંકાસ્પદ

પદાર્થની ચકાસણી માટે તેને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. જખૌ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

---

## અંજારની યુવતી-ફોરેસ્ટ સર્વિસ:

અંજારના દીપાલીબેન બિંદુભાઇ હડિયાએ જાહેર થયેલા ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસના પરિણામમાં સફળતા મેળવી કચ્છનું નામ રોશન કર્યું છે. યુપીએસસી દ્વારા પરિણામ જાહેર કરાયું હતું, જેમાં સમગ્ર ગુજરાતમાંથી 6 લોકોએ આ કઠીન પરીક્ષા પાસ કરી સફળતા મેળવી, એ પણ ટોપ 100માં 6 ગુજરાતી ઝળક્યા છે, જે ગુજરાતીઓ માટે પણ વિશેષ સિદ્ધિ સમાન છે. દીપાલીબેન હડિયાએ દેશમાં 82મો રેન્ક મેળવીને કચ્છને વિશેષ ગૌરવ અપાવ્યું છે.

---